# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આખા નગરમાં એકલો હું વિસ્તરું.
મારી અસરમાં એકલો હું વિસ્તરું.
દશ્યો, અવાજો, ચૂપકીદી સૂંઘતો,
આઠે પ્રહરમાં એકલો હું વિસ્તરું.
આઘે થયેલા દશ્યનો પીછો કરી,
ઝાંખી નજરમાં એકલો હું વિસ્તરું.
સુક્કી નદીમાં હું જ ડૂબું એકલો ,
અવઢવ લહરમાં એકલો હું વિસ્તરું.
વરસાદ જેવું ક્યાંકથી તૂટી પડે ,
ભીની ખબરમાં એકલો હું વિસ્તરું.
પહોંચી જવાનું સત્ય જો પામું કદી,
છેલ્લી સફરમાં એકલો હું વિસ્તરું.
જંગલ વછોયું ઝાડવું ચીખ્યા કરે,
મૂંગી ટગરમાં એકલો હું વિસ્તરું.

- વારિજ લુહાર.

## પાથેય

- રમેશ ઠક્કર

# વિશાળે જગ વિસ્તરે...

વૃક્ષ ફેલાય છે.ડાળખી વિસ્તરે છે.આકાશનો ઉઘાડ નવી દિશાઓ ખોલે છે.વિસ્તરવું એ આમ જોઈએ તો પ્રાકૃતિક ઘટના છે.માણસ પણ એ રસ્તે ચાલે એ સહજ ગણી શકાય..પરંતુ એની વિસ્તરવાની વાત એટલી સહજ નથી હોતી..એ બીજાની સાથે સરખામણી કરીને કે એની સાથે સ્પર્ધા કરીને ફેલાઈ જવાની કે છવાઈ જવાની વૃત્તિ ધરાવે છે અને એટલે જ એનું વિસ્તરવું એ અન્યના ભોગે થતી કૃતક ઘટના બની જાય છે.કવિ કે સર્જક આવું સ્વીકારે નહીં..એ કહે છે આખા નગરમાં બસ એકલો જ હું વિસ્તરૂં..આ મોટી વાત છે.કેમ કે એમાં પોતાની વાત કે પોતાની મસ્તીમાં જ વિસ્તારવાની વાત છે..આ અભિપ્સા અનોખી છે.પોતાના રસ્તે આવતાં દ્રશ્યો કે અવાજો એની મજા વિસ્તારવા માટેની પાયાની શરતો છે.એની ચુપકીદીને સૂંઘવી એ જેવીતેવી વાત નથી એ સુગંધના સહારે ફેલાતા જવું એ જ સાચો અભિગમ ગણી શકાય.

એકલતા ઓઢીને ફરતો માણસ જયારે, કોલાહલમાં પ્રવેશે છે ત્યારે મ્હોરી ઉઠતો હોય છે..માણસ સ્વભાવે ઉત્સવપ્રેમી છે કે એકાંત પ્રેમી?

તહેવારો અને પ્રસંગો આપણી ગતાનુગતિકતા ને લયબધ્ધ બનાવે છે...એકધારાપણું માણસને ડંખે ત્યારે એને તલાશ હોય છે કોઈક ઉઘાડની...માણસ જયારે એકલો હોતો નથી ત્યારે શું હોય છે ?

"દિલ છે દરદ છે,પ્યાસ છે,હું એકલો નથી
ને શબ્દનો ઉજાસ છે ,હું એકલો નથી..
એકાંતનો આ મોગરો કૉળી ઉઠયો,
એક આગવી સુવાસ છે, હું એકલો નથી"

એવું કહેવાય છે કે જે વ્યકિત એકલતાને અતિક્રમી જાય છે..એ જાણેઅજાણે એક નવા અજાયબ માહોલ નો સાક્ષાત્કાર અનુભવે છે..સમુહ ને પામવાની ઝંખના એ કદાચ આપણી મુળભુત જરૂરિયાત પૈકીની છે...પ્રસંગો માણસને પરિતૃપ્ત કરે છે..મેળાવડામાં મ્હાલતો માણસ મનભાવન લાગે છે...ટોળું એ હંમેશાં ભીડ જ નથી હોતું કયારેક સંબંધોનું હૂંફાળું અજવાળું હોય છે...મેળો એ એક કાળે માણસની અભિપ્સા ને ચગડોળે ચડાવી રોમાંચ કરાવતો...આજનાં રિસેપ્સન કે સમારંભો પણ મહદઅંશે શાતા પાઠવે છે...પ્રસંગમાં પણ એકલો પડી જતો માનવ આત્મપ્રતારણા નું ઉત્તમ ઉદાહરણ છે..કેવળ બેસી રહી બોઝિલતા ને સહન કરવી એ પણ એક પલાયનતા છે..."આદિલ" સરસ કહે છે..

"આગ પાણી અને હવા સામે,
માનવી એકલો બધા સામે,
બેસી રહેવાથી શું વળે? ડઆદિલ'
પગ ઉપાડો તો દ્વારિકા સામે.."

# અંતરિયાળ ધરમપુર વિસ્તારમાં બેસીને સર્વાંગી વિકાસ કરતા નિલમ પટેલની વાત માનવામાં આવે ?



આજે મિત્રો સાથે એક એવા યુવકની વાત વહેંચવી છે જે ભાગ્યે જ કોઈના માનવામાં આવશે. ભણેલો ગણેલો એક યુવક એવા આદિવાસી ગામમાં જઈને બેસે જ્યાં બસ ના જતી હોય, વીજળી ના હોય, ગામમાં શિક્ષણ ના હોય, ત્યાં જઈને મહુડાના ઝાડ નીચે સૂઈ રહીને તે વિકાસની ધૂણી ધખાવે અને એક દાયકામાં તો ગામની કાયાકલ્પ કરી નાખે. સ્વતંત્રતા પહેલાની કોઈ કથા વાંચતા હોઈએ તેવું લાગે, બાકી આ વાત અત્યારની જ છે. ૨૧મી સદીના પહેલા અને બીજા દાયકાની જ છે.

એનું નામ નિલમ પટેલ. આ યુવકે ગ્રામ વિકાસનું જે કામ કર્યું છે તે રસપ્રદ છે, પ્રેરક છે. તેમાં સંઘર્ષ પણ છે અને રચના પણ છે. કોઈ પણ વ્યક્તિને નિલમનો આ સફળ યજ્ઞ ગમી જાય તેવો છે.




નિલમનો જન્મ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ગુંડલાવ ગામમાં. તેમનો પરિવાર પ્રગતિશીલ. પિતાજી ધીરુભાઈ પટેલ ખેતી કરે. તેમનાં માતા સવિતાબહેન પણ ખેતી કરે. સવિતાબહેન બે ટર્મ સુધી ગામનાં સરપંચ હતાં. હવે તેમનો મોટો દીકરો નીતિનભાઈ સરપંચ તરીકે ફરજ બજાવે છે. અન્ય એક ભાઈ નરેશભાઈએ ગૂજરાત વિદ્યાપીઠના સાદરા એકમમાંથી શિક્ષણ લીધું છે અને તે શિક્ષક છે.

નિલમે ગ્રેજ્યુએશન પતાવીને અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં માસ્ટરમાં પ્રવેશ લીધો. અર્થશાસ્ત્ર વિષય સાથે માસ્ટર કરીને વિદ્યાપીઠનો ગ્રામશિલ્પી અભ્યાસક્રમ જોઈન્ટ કર્યો. જે યુવકો ગામમાં બેસીને કામ કરવા માગતા હોય તેમના માટે જ આ વિશેષ અભ્યાસક્રમ ચલાવાય છે. તાલીમાર્થીને દર મહિને પાંચ હજાર રૂપિયા શિષ્યવૃતિ પણ અપાય. બે વર્ષની તાલીમ લઈને નિલમભાઈ પ્રથમ તો ધરમપુર તાલુકાના ગુંદીયા ગામે બેસી ગયા. દોઢ વર્ષ અહીં કામ કર્યું.

એક મિત્રએ સૂચન કર્યું કે ગુંદીયા ગામની સ્થિતિ તો સારી છે. એવાં ઘણાં ગામો છે જેની સ્થિતિ અત્યંત બદતર છે. તારે ત્યાં બેસીને કામ કરવું જોઈએ. એ પછી નિલમભાઈએ કેટલાંક ગામો જોયાં. ખોબા ગામ જોઈને તેમને થયું કે અહીં કામ કરવા જેવું છે. અહીં રસ્તા નહોતા, વીજળીની સગવડ નહોતી, ગામમાં સ્કૂલ નહોતી. નિલમભાઈ ગામમાં ફર્યા, ગામ લોકોને મળ્યા, લોકોએ કહ્યું કે તમે અહીં રહી જાઓ. નિલમભાઈ કહે સારું. એક આદિવાસી પરિવારે કહ્યું કે અમારા ઘરે રહેજો. તેમના એક ઓરડામાં ઘરના છ સભ્યો તો હતા જ.

નિલમભાઈને થયું કે મારે તેમને હેરાન ના કરવા જોઈએ. નિલમભાઈ એક મહિનો મહુડાના ઝાડ નીચે સૂતા. પછી તો ગામ લોકોએ એક બંધ ગામાઉં મકાન હતું તેને સુધારી આપ્યું. ત્યાં રહેવા લાગ્યા. શરૂઆતમાં ગામમાં જુદા જુદા લોકોના ઘરે જમતા.

આ વર્ષ હતું ૨૦૦૭નું. નિલમભાઈ પાસે કશું જ નહોતું. બસ હૃદયમાં ખોબાના ગ્રામજનો માટે કશુંક કરવાની ભાવના હતી. તેમના માટે પ્રેમ હતો. લાગણી હતી. અને આટલું પૂરતું હતું. વિશ્વમાં સારું અને સાચું કામ ક્યારેય પૈસાના અભાવે અટક્યું હોય તેવું બન્યુ નથી. સૌથી મહત્વનો હોય છે હૃદયભાવ. જે નિલમભાઈમાં હતો.

તેમણે ગ્રામ વિકાસની જે કામગીરી કરી છે તેના માટે તો આખું પુસ્તક લખવું પડે. નિલમભાઈને પદ્માસન આવડે છે કે નહીં તેની ખબર નથી, પરંતુ તેઓ અહીં જબરજસ્ત પલાંઠી વાળીને બેઠા છે. તેમણે શરૂઆત કરી શિક્ષણથી. ભણાવવા માટે વર્ગ જોઈએ. બાળકો જોઈએ. નિલમભાઈ પોતે ગામમાં ફર્યા અને ભણવા યોગ્ય ૧૭ બાળકો લઈ આવ્યા. બાળકો ભણવા લાગ્યાં. ગામનાં સ્ત્રી અને પુરુષો કહે અમારે પણ ભણવું છે. નિલમભાઈએ તેમના માટે રાતના વર્ગો ચાલુ કર્યા. ફાનસ અને ચીમનીના અજવાળે રોજ રાત્રે તેઓ આદિવાસી સ્ત્રી-પુરુષોને ભણાવવા લાગ્યા. એ અજવાળું વિકાસનું અજવાળું હતું. એ અજવાળું આદિવાસી લોકોના હૃદયનું અજવાળું હતું.

વિકાસનું પ્રવેશદ્વાર શિક્ષણ છે. નિલમભાઈએ ખોબા ગામના વિકાસનું શૈક્ષણિક પ્રવેશદ્વાર બરાબર સજાવ્યું. એ પછી તો તેમણે અહીં અનેક પ્રવૃતિ કરી. સરકારી તંત્ર સાથે સતત પત્રવ્યવહાર કરીને ગામમાં વીજળી લઈ આવ્યા. ગામ લોકોએ પોતે વીજળીના થાંભલા નાખ્યા હતા. ગામમાં આજે તો ધોરણ ૧થી ૫ સુધીની સ્કૂલ છે. નિલમભાઈએ ડ્રોપ આઉટ બાળકો માટે છાત્રાલય પણ બનાવ્યું છે.

કોઈ પણ નવા કામ માટે પૈસા જોઈએ. સમાજ નગુણો નથી સગુણો છે. જ્યારે જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે પૈસા મળી રહે. નિલમભાઈએ લોક મંગલમ્? ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે. છાત્રાલય માટે સાતેક લાખ રૂપિયાની જરુર હતી. બે વર્ષમાં નિલમભાઈને ત્રણેક એવોર્ડ મળેલા. ગાંધીમિત્ર એવોર્ડમાં પચ્ચીસ હજાર રૂપિયા મળેલા. જનજાગૃતિ એવોર્ડના ૫૦ હજાર રૂપિયા હતા, અને આશીર્વાદ એવોર્ડના ૧૧ હજાર રૂપિયા હતા. આ તમામ ઈનામી ધનરાશિ તેમણે છાત્રાલયના નિર્માણ માટે આપી દીધી. શ્રી રૈનાબહેન શેઠે ત્રણ લાખ રૂપિયાની મદદ કરી. ગામ લોકો કહે કે અમારે પણ કંઈક આપવું જ જોઈએ. ખોબા સહિત કુલ પંદર ગામોએ ૭૦ હજાર રૂપિયાનો લોકફાળો કર્યો. જેમની પાસે પૈસા નહોતા તેમણે શ્રમદાન કર્યું. કોઈએ રેતી આપી, કોઈએ લાકડાં આપ્યાં. આમ, સંપૂર્ણ પ્રજાકીય ધોરણે છાત્રાલયનું નિર્માણ થયું. અહીં આદિવાસી બાળકો રહીને ભણે છે.

ગામડામાં શિક્ષણ પછી આરોગ્યની સમસ્યા સૌથી મોટી હોય. નિલમભાઈ પોતે પોતાની ટીમ સાથે ભરૂચ સ્થિત સેવા રુરલ સંસ્થામાં આરોગ્યની તાલીમ લેવા ગયા. અત્યારે તો તેમની સંસ્થા દ્વારા ખોબા ઉપરાંત છ ગામોમાં આરોગ્યની ની પેટીઓ ફરી રહી છે. તમે ચોમાસામાં અહીં જાવ તો કોઈ હિલ સ્ટેશન પર ગયા હોવ તેવું લાગે. નિલમભાઈએ અહીં ૬૮ હજાર વૃક્ષોનું પણ વાવેતર કર્યું છે. તેઓ ઓજાર બેંક ચલાવે છે. ૮૦ પ્રકારનાં ઓજાર માત્ર એક રૂપિયો પ્રતિકાત્મક ભાડાથી અપાય છે. કડિયાકામે જતી મહિલાઓ, ખેડૂતો, ખેત-મજૂરો, કારીગરો વગેરે આ ઓજાર બેંકનો ભરપૂર લાભ ઉઠાવે છે. હવે નિલમભાઈએ બીજ બેંક શરૂ કરી છે. ખેડૂતોને રાહત દરે બિયારણ અપાય છે. જેની પાસે પૈસા ના હોય તેમને ઓપ્શન અપાય છે. પાક થાય ત્યારે પૈસા આપજો, કે પાક નિષ્ફળ જાય તો શ્રમદાન કરજો. ખેડૂત ચિંતા વગર ખેતી કરી શકે તેવું વાતાવરણ નિલમભાઈએ ગોઠવ્યું છે. આંબા સહિત અનેકની કલમો પણ અપાય છે. આ વિસ્તારમાં નિલમભાઈએ કેળ, કારેલા, ભીંડા, મેથીની ખેતી પણ શરૂ કરાવી છે. સ્ટેપ બાય સ્ટેપ નિલમભાઈએ અહીં એવું વાતાવરણ ઊભું કર્યું છે કે ખેડૂત આત્મહત્યા કરવાનો વિચાર જ ના કરે.

નિલમભાઈએ બહેનો માટે અહીં ગૃહ ઉદ્યોગ પણ શરૂ કર્યો છે. આ વિસ્તારની બહેનો નાગલીનાં પાપડ બનાવે છે.

જે વિસ્તારમાં શાળાઓ નહોતી, શિક્ષકો જવા તૈયાર નહોતા એ વિસ્તારમાં હવે ડિઝિટલ શાળાઓ ચાલી રહી છે. દસ શાળાઓને પ્રોજેક્ટર આપવામાં આવ્યાં છે. સફેદ પરદા પર શિક્ષકો ગુજરાત સરકારે તૈયાર કરેલી સુંદર સીડી અને ડીવીડી દ્વારા અહીં જુદા જુદા વિષયો ભણાવે છે. કોઈ પણ ગામનો ઉત્કર્ષ કરવો હોય તો સર્વાંગી રીતે થાય. ર.વ.દેસાઈની ગ્રામલક્ષ્મી નવલકથા વાંચીને અનેક યુવકો ગામ તરફ વળેલા. જો કે એ સમય એક સદી પહેલાંનો હતો. ૨૧મી સદીના પ્રારંભમાં કોઈ યુવક આ રીતે ગામમાં જઈને બેસે અને ગ્રામ ઉત્કર્ષની આટલી સરસ પ્રવૃતિઓ કરે તે કાલ્પનિક લાગે. નિલમ પાસે આદિવાસી લોકો માટે ભરપૂર પ્રેમ, લાગણી અને કરુણા છે. જો તે ના હોત તો આ કશું જ થઈ શક્યું ના હોત. ૨૨મી માર્ચ, ૧૯૮૪ના રોજ જન્મેલા આ યુવકે પોતાની યુવાની રાષ્ટ્ર વિકાસના ચરણે ધરી દીધી છે. પિતા મોબાઈલ ફોનનું બિલ ન ભરે તો ગુસ્સે થઈ જતા યુવકો, આભાસી હિન્દી ફિલ્મો જોઈને મનોરંજનમાં રાચતા યુવાનો, સાચી યુવાની આવી પણ હોઈ શકે છે. અનેક પ્રકારની સગવડો અને સુવિધાઓની વચ્ચે જીવતા આપણે આ પોઝિટિવ સ્ટોરીમાંથી શું લઈશું ? આપણને પહેરવા માટે અનેક જોડ કપડાં જોઈએ છે, ચાર-પાંચ જોડ શુઝ ના હોય તો આપણને ચેન પડતું નથી, હોટલમાં જઈને આપણે ૫૦૦-૭૦૦ રૂપિયાનું તો રમતાં રમતાં બિલ કરી નાખીએ છીએ. આ જ આપણા દેશમાં આપણાં જ એવાં અનેક ભાઈ-બહેનો છે જેમને અનેક પ્રકારના અભાવ વચ્ચે જીવવું પડે છે.

નિલમને, તેની આખી ટીમને, તેની સમર્પણ ભાવનાને આપણે અભિનંદન આપીએ. જો કોઈ મિત્ર નિલમનો સંપર્ક કરવા માગતું હોય તો તેઓ ૯૭૨૭૧૫૪૧૨૮ નંબર પર ફોન કરી શકે. અંતરિયાળ વિસ્તાર હોવાથી ક્યારેક ફોન ના લાગે તો, પ્રેમ અકબંધ રાખીને બે-ત્રણ વખત પ્રયત્ન કરીને નિલમનો વાંસો થાબડશો તો પણ તમે એક સામાજિક કાર્ય કર્યું ગણાશે.

# અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા, નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે

**Beautiful people are Acts of Nature, but Beautiful old People are Works of Art...**

"સુંદર યુવાન કે યુવતી એ કુદરતની કલા છે પણ સુંદર વૃદ્ધ વ્યક્તિ એ માણસની કલાનું – મહેનતનું પરિણામ છે !"

- ડૉ. આઈ. કે. વીજળીવાળા

આપણી આસપાસ આપણે જીવનના અંતિમ તબક્કાને મનભરીને માણતા અને **Techno savvy** પૌત્ર-પૌત્રી જોડે નવી નવી વસ્તુઓને શીખતા નવયુવાન વૃદ્ધોને જોયા છે. જીવનના અનેક ઉતાર-ચડાવ જોઈ ચૂકેલો આ વર્ગ જીવનની શરુઆતે આર્થિક સંકડામણ, કુટુંબની જવાબદારી, વડીલોની આજ્ઞાનું ચૂપચાપ પાલન કરવું આ તમામ બાબતો અનુભવી ચૂક્યો છે. પોતાના સંતાનો અને પૌત્ર-પૌત્રીઓ સાથે વાતચીત કરવાના હેતુથી તેઓ મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હોય છે. શરુઆતમાં આ બધી નવી બાબતોને સમજવા માટે બાળકો સાથે કચ-કચ કર્યા કરે છે અને કયારેક હાસ્યાસ્પદ રીતે અવનવા પ્રયોગો પણ કરે છે. પણ આ બધું સરવાળે તો નવી પેઢી સાથેના અનુસંધાનને સાધવાને માટે જ કરવામાં આવતી પ્રવૃત્તિ છે. એકબીજાને મળવું, સતત વાતચીત કરવી અને સંપર્કમાં રહેવું એ **'NRI'** બાળકોના માતા- પિતા માટે જયારે સાવ જ અશક્ય બાબત બની ચૂકી છે ત્યારે તેઓ મોબાઈલ અને ટેકનોલોજીના માધ્યમથી બાળકો સાથે સંપર્કમાં રહેવાનો પ્રયાસ કરે છે. જો કે, જેના બાળકો હોસ્ટેલમાં રહે છે અથવા અન્ય શહેરોમાં ભણવા કે કમાવા માટે જાય છે તેમની પણ આ જ પરિસ્થિતિ છે!

બગીચામાં કે બાંકડે બેસીને નિરાશાપૂર્ણ અને હતાશ કુટુંબજીવનની વેદનાને ઠાલવ્યા કરતા પોતાની જાતને મોબાઈલમાં વ્યસ્ત કરી દેવામાં કે તે રીતે પણ બાળકોની નજીક પહોંચવાના તેમના આ પ્રયાસને આપણે બિરદાવવાને બદલે તેની નોંધ પણ લેતા નથી. આ જ રીતે પ્રવૃત્તિમય રહીને તેઓ પોતાના બાળકો જ નહિ પણ સ્કૂલ, કૉલેજના મિત્રોથી માંડીને ઑફિસના કલીગણ્ સહિત ઘણા નવા-જૂના લોકોના સંપર્કમાં આવી શકશે. એક રિપોર્ટરે એક વખત ૧૦૪ વર્ષનાં એક માજીને સવાલ પૂછ્યો કે, 'તમારી ઉંમરના લોકો માટે તમારે શું કહેવું છે ?' પેલાં માજી કહે, 'જિંદગીની સૌથી ઉત્કૃષ્ટ એવી આ ઉંમરમાં લોકો આનંદમાં રહેવાને બદલે ડિપ્રેશનથી અને



હતાશાથી પીડાતા હોય છે. અરે ! કોઈ જ જાતની ફિકર વગર ઈશ્વરની નજીક રહીને જીવનને માણવાની આ જ તો ઉંમર છે !' આ વાતનું એક જીવંત ઉદાહરણ આપું તો અમારા યોગા-ટીચર એવા ભાવનાબહેન, હમણાં વેલેન્ટાઈન ડે નિમિત્તે જયારે તેમનાં પુત્ર અને પુત્રવધૂએ ઘરે ફોન કરીને જાણ કરી કે તેઓ બહાર જમીને આવશે ત્યારે ભાવનાબહેને પણ નક્કી કર્યું કે તેઓ તેમના પતિ સાથે વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરશે. તેમણે નાની કેક, પતિને મનપસંદ એવી સાઉથ ઈન્ડિયન વાનગી અને કેન્ડલ લાઈટ્સથી ડેકોરેશન આ બધું જ ઘરે તૈયાર કર્યું અને એ પણ માત્ર એક જ કલાકના સમયગાળામાં ! અરે, સુંદર કેન્ડલ લાઈટ્ ડીનર કરીને 'વેલેન્ટાઈન ડે' ની ઉજવણી કરી તેના ફોટોગ્રાફસ પણ પાડ્યા. અમારા જમાનામાં તો આ બધું હોય જ નહિ એમ કહીને ફરિયાદ કરવા કરતાં તેમના બાળકોને પણ ઈર્ષ્યા આવે એવું સેલીબ્રેશન કરવાનો આ રસ્તો કેટલો અદ્ભૂત અને **'unique'** કહેવાય ખરું ને ?




"હે ભગવાન ! તારો ખૂબ ખૂબ આભાર કે તેં વૃદ્ધાવસ્થા આપી ! જિંદગીને સમજવાનો મોકો આપ્યો. ધૈર્ય અને ડહાપણનો અનુભવ કરાવ્યો. શારીરિક તકલીફો છતાં નિઃસ્વાર્થ સ્મિત કરવાની શક્તિ આપી. ખરેખર વૃદ્ધાવસ્થા અદ્ભૂત છે!"

- ડો. આઈ. કે. વીજળીવાળા (મોતીઆરો)

આવું જ અન્ય એક ઉદાહરણ શ્રી ચંદ્રકાંતભાઈ દેથાનું છે, નાનપણથી ઘર-પરિવારને સંભાળ્યો, બાળકોનો સુંદર ઉછેર કર્યો, ભણાવ્યા ગણાવ્યા અને આ દરમિયાન બેંકમાં ચા અને તમાકુના સેવનની લત લાગી ગઈ ! પણ રિટાયટમેન્ટ પછી નક્કી કર્યું કે ચા પણ છોડી દેવી અને તમાકું પણ ! અને બીજા જ દિવસથી તેમણે આ બંને વસ્તુઓ છોડી દીધી ! ૩૫- ૪૦ વર્ષથી પડેલી ટેવ એક જ નિર્ણયથી રાતોરાત છોડવી એ ખરેખર ખૂબ જ અઘરી બાબત ગણાય પણ તેમણે એ સિદ્ધ કરી બતાવ્યું કે દૃઢ નિશ્ચય કરવામાં આવે તો કોઈ બાબત અશક્ય નથી. બાળકોના લગ્ન પછી પતિ-પત્ની બંને એકલા જયારે સાથે રહે છે ત્યારે પોતે ભલે બહારની વસ્તુઓ ન ખાતા હોય પણ પત્નીને તેની ફેવરીટ પાણી-પુરી ખાવા માટે ચોક્કસ લઈ જાય ! આ પ્રકારના પોઝીટીવ ફેરફારો શીખવા જેવા છે. તેઓ આપણને દર્શાવે છે કે નાની-નાની વાતમાં જીવન ટૂંકાવી દેનારી આજની પેઢીને દૃઢ મનોબળ, કુટુંબ પ્રત્યેની લાગણી, સહનશીલતા અને ધૈર્ય જેવા ગુણોને પ્રાપ્ત કરવાની કેટલી જરૂર છે. ઈશ્વરે આપેલું આ અમૂલ્ય જીવન વેડફી દેવા માટે નહિ પરંતુ, ક્ષણેક્ષણના યોગ્ય ઉપયોગ કરવા માટે છે તે સમજવાની જરૂર છે. શારીરિક, માનસિક કે આર્થિક ડિપ્રેશનથી લડતા કોઈ પણ નવયુવાને એ વિચારવું કે પોતાના માતા-પિતા કે દાદા-દાદી કરતાં તેનો સંઘર્ષ નજીવો છે. દરેક સમસ્યાનું નિવારણ યોગ્ય સમયે થતું જ હોય છે. બસ થોડી ધીરજ અને થોડી શ્રદ્ધા રાખવામાં આવે તો 'હતાશા' નામનો શબ્દ સ્પર્શી પણ ન શકે ! 'સંબંધના સરોવર' પુસ્તકમાં સુકુમાર મહેતા એક સુંદર વાત લખી છે : 'પપ્પા પહેલેથી 'ચેનસ્મોકર' : આમ છતાં મારી કે મમ્મી સામે એ કદી ધૂમ્રપાન કરતાં નહીં. મારી પુત્રી પ્રાચી ચાર વર્ષની હતી ત્યારે તેણે એકવાર એમને કહેલું કે, 'દાદા, તમારા કપડામાંથી (સિગારેટના ધુમાડાની) બહુ વાસ આવે છે! બસ, પૌત્રીના એક બોલ પર પ્રેમાળ દાદાએ ધૂમપાન કાયમ માટે છોડી દીધું.' તો આવો, આવા દૃઢ મનોબળ ધરાવતા અને જીવનથી ભરપૂર એવા નવયુવાન વૃદ્ધોને દિલથી બિરદાવીએ !

**Last Seen:**

'શૂન્ય' પાલનપુરી
અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા,
નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે;
મળી છે અમોને જગા મોતીઓમાં !'

- nehalgadhavi101@gmail.com

# નફરત ભર્યા ભાષણો દેશના બિનસંપ્રદાયિક માળખાને નુકશાન કરી શકે છે - સુપ્રિમ કોર્ટ

તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઉશ્કેરણી જનક ભાષણો તથા ભડકાઉ નિવેદન આપતા લોકો સામે તાત્કાલીક અસરથી ફરીયાદ દાખલ કરવા તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ કરેલ છે. તેમજ આ અંગે ચેતવણી આપતા નામદાર સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે આવા તત્વો સામે તાત્કાલીક કેસ દાખલ કરવામાં નહી આવે તો નામદાર કોર્ટનો તિરસ્કાર ગણવામાં આવશે. અને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ ની કાર્યવાહી કરવામાં આવશે. આ અગાઉ પણ ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ પરિપત્ર જારી કરેલ જેમા તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટે જણાવ્યુ કે ન્યાયધિશો બિન રાજકીય હોય છે. અને તેમને કોઈપણ રાજકીય પક્ષો સાથે લેવા દેવા નથી. નફરત ફેલાવનારો સામે ફરીયાદ ન હોય તો પણ રાજ્ય સરકારને કેસ દાખલ કરી પગલા લેવા ઠરાવ્યુ છે. ભારતના બંધારણમાં દરેકને વાણી સ્વંતત્રતા આપેલ છે. પરંતુ બોલવાથી એક કોઈ સંપ્રદાય ધર્મ જાતી વચ્ચે વમનસ્વ ફેલાય યુધ્ધ જેવી પરિસ્થીતિ નુ નિર્માણ થાય અગર જો કોઈ પણ વ્યક્તિના સન્માનને ઠેસ પહોચે દુ:ખ થાય તેવા ઉચ્ચારણો નિવેદનો કરવા સામે પ્રતિબંધ ફરમાવેલ છે. ભારત સર્વભોમ રાષ્ટ્ર છે. તમામ ધર્મ, જ્ઞાતી, જાતી વચ્ચે મતભેદ અસમાનતા ન્યાયતંત્ર રાખી ના શકે. દરેક વ્યક્તિની પવિત્ર અને બંધારણીય ફરજ છે કે એકબીજા નો આદર કરી એકબીજા ના ધર્મ, જાતી, જ્ઞાતી ને માન સન્?માન આદર આપવા જોઈએ બંધારણમાં કોઈ ઉચ્ચ નથી, કોઈ નીચ નથી દરેક નાગરીકોને સમાન અધિકાર આપવામાં આવ્યા છે. અને નાગરીકોના અધિકારોનુ હનન થાય તેવા કોઈપણ વ્યક્તિ શબ્દોથી સંકેતથી ઈશારાથી કે વાણી વચનથી દ્રશ્ય કે શ્રાવ્ય માધ્યમથી નફરત ના ફેલાવી શકે અને આવા ઉશ્કેરણી જનક ભાષણો કરે તો તેની સામે રાજ્ય પગલા લઈ ધરપકડ કરી શકે છે. આઈ.પી.સી. ની કલમ ૪૯૯, ૫૦૦, ૫૧૧ તથા ૫૦૫ મુજબ ફરીયાદ સુવો મોટો દાખલ કરી શકે છે. ગુનો સાબિત થયે ત્રણ વર્ષથી લઈ પાંચ વર્ષની સજા તથા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે.

જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્મનાવટ તિરસ્કાર કે ભેદભાવ ઉત્પન્ન કરવાના ઈરાદાથી ખોટુ કથન, નિવેદન કરી અફવા ફેલાવવી તથા દુશ્મનાવટ, તિરસ્કાર કે ભેદભાવ, દ્રેષભાવ ઉત્પન્ન કરવાના ઈરાદાથી ધર્મસ્થાન કે સભામાં વિગેરેમાં ખોટુ કથન કરવુ એ ઉશ્કેરણી જનક ભાષણ (હેટ સ્પિચ) ની વ્યાખ્યામાં આવે છે. જે બિન જામીન પાત્ર ગુનો બને છે.

જાહેર કાર્યક્રમોમાં બેફામ નિવેદનો આપી વાણી વિલાસ કરી લોકોને ઉશ્કેરે છે. તેમ છતા અત્યાર સુધી પોલીસ યોગ્ય કાર્યવાહી કરતી ન હોતી ખુબજ દબાણ કે હો હા પછી આવી વ્યક્તિની ધરપકડ કરે છે. હવેથી સી.આર.પી.સી પ્રમાણે કાર્યવાહી થશે આવા તત્વો સામે કોઈ એક વ્યક્તિએ કેસ દાખલ ના કરેલ હોય તો પણ રાજ્ય સરકાર સુવોમોટો તરીકે કેસ દાખલ કરી ધરપકડ કરી રાજ્યની સુલેહ શાંતી ભંગ થતી બચાવવા યોગ્ય પગલા ભરી શકે છે. પત્રકાર શાહીન અબ્દુલાએ દાખલ કરેલ અરજીમાં સુનવણી હાથ ધરી નામદાર સુપ્રિમ કોર્ટે દરેક રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને ગાઈડ લાઈન આપેલ છે. તે મુજબ પગલા ભરવામાં રાજ્ય કે પોલીસ નિષ્ફળ જશે તો કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી કરવામાં આવશે.




નામદાર સુપ્રિમ કોર્ટ હેટ સ્પિચ આપતા લોકોની યાદિ બનાવી તેમની સામેના પુરાવાઓ ચકાસી આવી વ્યક્તિઓ સામે કેસ દાખલ કરવા માટે દિલ્હી, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની સરકારને આદેશો આપવામાં આવ્યા છે. જે ગાઈડ લાઈન દરેક રાજ્યોને લાગૂ પાડવામાં આવશે.

નફરત ભર્યા ભાષણોને દેશના બિનસંપ્રદાયિક માળખાને અસર કરી શકે તેવો ગંભિર ગુનો સુપ્રિમ કોર્ટે ગણેલ છે. તારીખ ૨૧/૧૦/૨૦૨૨ નો આદેશ કોઈપણ ધર્મને ધ્યાનમાં રાખ્યા સીવાય તમામ ગુનેગારો માટે સમાન રીતે લાગુ કરવામા આવશે.

સુપ્રિમ કોર્ટે રજ્યોની હાઈકોર્ટ તથા નીચલી કોર્ટને આદેશ કરેલ છે કે દેશના જુદા જુદા વિસ્તારોમાં જાહેર હિત માટે અને કાયદાના શાસનની સ્થાપના સુનિશ્રિત કરવા માટે દ્રેષપૂર્ણ ભાષણો વિરુધ્ધની અરજીઓની તાત્કાલીક સુનવણી સી.આર.પી.સી ની જોગવાઈઓ મુજબ કરી ગુનેગારોને સજા ફરમાવે ખુબજ ગંભિર મુદ્દા ઉપર પગલા લેવામાં વહીવટતંત્ર તરફ થી વિલંબ થશે તો કોર્ટની અપમાનતા ગણવામાં આવશે.

www.trivediassociates.in
Mo.9825450191